GJPM040012342022

# હાલોલના એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં.
## આંક–૫ ની વચગાળાની અરજી તળેનો હુકમ.

=====================================

**રે. દી. કેસ નંબર: ૩૩ /૨૦૨૨**

(૧) વાદી ધ્વારા અત્રેની અદાલતમાં દાવો કરવામાં આવેલ છે અને તે દાવાના સમર્થનમાં આંક–૫ હેઠળ કામચલાઉ મનાઈ હુકમની દાદ માંગેલ છે, જે અન્વયે દાવાની હકીકત ધ્યાને લેતાં, વાદીએ પોતાની દાવાઅરજીમાં જણાવેલ છે કે, મોજે શીવરાજપુર,તા.હાલોલ, જી.પંચમહાલની સીમના બ્લોક/સ.નં. ૧૧૬/૧ હે.આર.એ. ચો.મી. ૧–૭૧–૯૯ ચો.મી. તથા પોત ખરાબો હે.આર.એ.ચો.મી. ૦–૧૫–૧૮ મળી કુલ ૧–૮૭–૧૭ જેનો આકાર રૂા. ૨.૬૯ પૈસા વાળી બીન ખેતી પ્રીમીયમને પાત્ર ૭૩–એએ વાળી જરાયત જમીન, કે જેને હવે દાવાવાળી જમીન તરીકે ઉલ્લેખ કરેલ છે, તે જમીન હાલમાં વાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલ છે અને વાદીઓ તેમના વડવાઓના વખતથી આ જમીન ખેડતા આવેલા છે. દાવાવાળી જમીન મુળ ઠાકોર સાહેબ ફતેસિંહજી કેસરીસિંહજીના નામે ચાલતી હતી અને આ જમીન ધોળીયાભાઈ વીરાભાઈના કબજામાં હતી અને તેમના પુત્ર હરસીંગભાઈના બે પુત્ર નામે બુધીયાભાઈ હરસીગભાઈ તથા ધનજીભાઈ હરસીગભાઈ હતા. હરસીંગભાઈના પત્નિ નામે ચતુરીબેન હતી અને બુધીયાભાઈ હરસીગભાઈ નાયક અપરણીત હતા અને તેઓ તા.૧૬/૧૨/૯૮ ના રોજ બીન ફરજંદ ગુજરી ગયેલ, જેથી આ જમીન ધનજીભાઈ હરસીગભાઈના કબજા ભોગવટામાં હતી અને તેમને વસ્તારમાં પાંચ સંતાનો હતા, જેમાં ચાર પુત્રો નામે હીરાભાઈ ધનજીભાઈ, જેસીગભાઈ ધનજીભાઈ, મોહનભાઈ

ધનજીભાઈ, મડાભાઈ ધનજીભાઈ તથા પુત્રી નામે સવિતાબેન ધનજીભાઈ હતા. ધનજીભાઈ હરસીંગભાઈના પત્નિ શાન્તાબેન અવસાન પામેલ છે. જયારે પુત્ર હીરાભાઈ ધનજીભાઈ તા. ૦૧/૦૮/૯૮ ના રોજ  અપરણિત બીન ફરજંદ ગુજરી ગયેલ તેમજ મોહનભાઈ ધનજીભાઈ પણ તા. ૦૬/૦૧/૦૪ ના રોજ બીન ફરજંદ ગુજરી ગયેલ. જયારે સવિતાબેન પણ તા. ૨૨/૦૧/૧૩ ના રોજ ગુજરી ગયેલ હોય ધનજીભાઈના કબજા ભોગવટાવાળી જમીન તેમના વારસો ખેડતા હતા, જેમાંથી તેમના પત્નિ તથા હીરાભાઈ ધનજીભાઈ,  મોહનભાઈ ધનજીભાઈ અને પુત્રી સવિતાબેન ગુજરી ગયેલ  છે. હાલમાં દાવાવાળી જમીનના ગામ નમુના નં. ૭/૧૨ માં ખાતેદાર તરીકે નાયક હીરાભાઈ ધનજીભાઈનુ નામ ચાલે છે. ગામ નમુના નં. ૭/૧૨ માં ભુલથી અટક રાઠવા લખેલ છે. પરંતુ તે ખરેખર નાયક છે અને તેઓ તા. ૦૧/૦૮/૯૮ ના રોજ ગુજરી ગયેલ હોય વાદીઓ દાવાવાળી જમીન ખેડતા આવેલ છે. હીરાભાઈ ધનજીભાઈ વાદીઓના કાકા થાય છે અને તેઓ ગુજરી ગયેલ છે અને તેમને બીજા કોઈ વારસો નથી, જેથી આ જમીનનો કબજો ભોગવટો હાલમાં વાદીઓનો છે. પ્રતિવાદીને આ જમીન પ્રત્યે કંઈ લેવાદેવા નથી, પરંતુ તેઓ સરપંચ પદે હતા ત્યારે અધિકારીઓ સાથે મળી જઈને દાવાવાળી જમીનમાં તેમનુ નામ ચડાવી દીધેલ છે. વાદીઓ કે તેમના વડવાઓએ આ જમીન પ્રતિવાદીને ગીરો, બક્ષીસ કે વેચાણ આપેલ નથી. હીરાભાઈ ધનજીભાઈ બીન ફરજંદ ગુજરી જવાથી તેમના વારસ તરીકે વાદીઓના પિતા જેસીંગભાઈ ધનજીભાઈનો કબજો હતો અને વાદીઓના પિતા ગુજરી જવાથી દાવાવાળી જમીન વાદીઓને કબજા ભોગવટામાં આવેલ છે અને હીરાભાઈને ગુજરી ગયે  ઘણો સમય થઈ ગયેલ હોય તેની વારસાઈ પણ વાદીઓ કરાવવાના છે અને આ જમીનમાં વાદીઓએ મકાઈ,કપાસ તથા તુવેરનો પાક કરેલ છે તેમજ રહેવા માટેના બે પાકા મકાનો અને એક કાચુ મકાન મળીને  કુલ ત્રણ મકાનો વાદીઓએ દાવાવાળી જમીનમાં બનાવેલ છે તેમ છતાં જમીનના રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીનુ નામ ચાલતુ હોય તેઓ

વાદીઓને હેરાન પરેશાન કરે છે અને તા. ૨૨/૦૩/૨૨ ના રોજ સવારે વાદીઓ દાવાવાળી જમીનમાં કામ કાજ કરતા હતા ત્યારે નવેક વાગ્યાના સુમારે પ્રતિવાદીએ દાવાવાળી જમીન પર જઈને વાદીઓને ગાળો બોલી, ધમકી આપેલ હોય વાદીઓને હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે અને આ દાવો ચાલે ત્યાં સુધી પ્રતિવાદી કે તેમના માણસો દાવાવાળી જમીનમાં પ્રવેશ કરે કરાવે નહિ કે વાદીઓને કે તેમના માણસોને દાવાવાળી જમીનમાં કામકાજ કરતા અટકાયત કરે કરાવે નહિ તેવો કામચલાઉ મનાઈહુકમ પ્રતિવાદીની વિરુધ્ધમાં ફરમાવવા અરજ કરેલ છે.

(૨) વાદીઓના દાવા અનુસંધાને પ્રતિવાદીને દાવાના સમન્સની વિધીસર બજવણી થવા છતાં પ્રતિવાદી વિ.વકીલ શ્રી મારફતે કોર્ટમાં હાજર થયેલ છે, પરંતુ તેઓને લેખિત જવાબ રજુ કરવા માટે પુરતી તક આપવા છતાં તેઓએ દાવાનો લેખિત જવાબ રજુ કરેલ ન હોય તેઓનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. જેથી પ્રતિવાદીએ આ કામે કોઈ લેખીત જવાબ રજુ કરેલ નથી.

(૩) સદર દાવાના કામે વાદી તર્ફે સદર અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

| | |
|---|---|
| માર્ક–૩/૧ | મોજે શીવરાજપુર, તા.હાલોલના ખાતા નં.૧૧૬ ના ગામ નમુના નં. ૮/અ ના ખાતાવહીનો ઉતારો, તા.૦૭/૦૧/૨૦૨૨ |
| માર્ક–૩/૨ | મોજે શીવરાજપુર, તા.હાલોલના બ્લોક/સ. નં.૧૧૬/૧ ના ગામ નમુના નં. ૭ નો ઉતારો, તા. ૦૭/૦૧/૨૦૨૨ |
| માર્ક–૩/૩ | મોજે શીવરાજપુર,તા.હાલોલના બ્લોક/સ. નં.૧૧૬/૧ ના ગામ નમુના નં. ૧૨ નો ઉતારો, તા. ૦૭/૦૧/૨૦૨૨ |
| માર્ક–૩/૪ | મોજે શીવરાજપુર,તા.હાલોલના બ્લોક/સ. નં.૧૧૬/૧ ના ગામ નમુના નં. ૧૨ નો ઉતારો, તા. ૦૭/૦૧/૨૦૨૨ |

માર્ક–૩/૫ દાવાવાળી જમીનના ગામ નમુના નં. ૮–અ ની ખાતાવહીની નકલ

માર્ક– ૩/૬ કોળી ધોળીયાભાઈ વીરાભાઈના પેઢીનામાની નકલ

માર્ક– ૩/૭ દાવાવાળી જમીનના ગામ નમુના નં. ૬ ના હકક પત્રકની નોંધ નં. ૧૭૪ નો ઉતારો

(૪) આ અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના ન્યાયિક મુદ્દા ઉપસ્થિત થાય છે.

:૧: શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?
:ર: શું ન્યાયનું સમતુલાનુ પલ્લુ વાદીની તરફેણમાં છે ?
:૩: શું વાદીને કામચલાઉ મનાઈ હુકમની દાદ ન આપવામાં આવે તો વાદીને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે ?
:૪: શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દા પરત્વે મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

:૧: નકારમાં
: ર: નકારમાં
:૩: નકારમાં
:૪: આખરી હુકમ મુજબ.

–:: **<u>નિર્ણય અંગેના કા ર ણો</u>** ::–

**<u>મુદ્દા નં.૧ થી ૩</u>** :–

(૬) મુદ્દા નં. ૧ થી ૩ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોઈ બિનજરુરી પુનરાવર્તન ટાળવાના હેતુથી ત્રણેયની સંયુકત ચર્ચા કરેલ છે.

(૭) સદર દાવાના કામે વાદી એવી તકરાર લઈને આવેલા છે કે, દાવાવાળી જમીન તેઓના વડવાઓના વખતથી વાદીઓના કબજા ભોગવટામાં છે અને તેઓ આ

જમીન ખેડતા આવેલા છે. વાદીઓએ દાવાઅરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટ જોવામાં આવે તો, માર્ક–૩/૧ થી ૩/૫ તથા માર્ક–૩/૭ થી દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડના ઉતારા રજુ કરેલ છે તથા માર્ક–૩/૬ થી કોળી ધોળીયાભાઈ વીરાભાઈના પેઢીનામાની નકલ રજુ કરેલ છે. હવે, માર્ક–૩/૭ થી રજુ કરેલ ગામ નમુના નં. ૬ ના હકક પત્રકનો ઉતારો જોતાં તેમાં નોંધ નં. ૧૭૪ થી, તા. ૨૭/૧૦/૫૮ ના રોજ કાયમી ગણોતીયા તરીકે કોળી ધોળીયાભાઈ વીરાભાઈનુ નામ દાખલ થયેલ હોવાનુ જણાય છે. પરંતુ આ નોંધમાં દાવાવાળી જમીનનો સર્વે નંબર લખેલ હોય તેમ જણાતુ નથી. માર્ક–૩/૪ તથા માર્ક ૩/૫ વાળા રેવન્યુ રેકર્ડના ઉતારા વંચાણે લેતાં દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં કબજેદાર તરીકે ઠાકોર સાહેબ છત્રસિંહજી કેસરીસિંહજીનુ અને ત્યાર બાદ ધનજીભાઈ હરસીંગભાઈનુ અને ત્યાર બાદ પ્રતિવાદી માનસીંગભાઈ ફતુભાઈ રાઠવા તથા હીરાભાઈ ધનજીભાઈ નાયકનુ નામ દાખલ થયેલ હોવાનુ અને તેઓ બંને આ જમીનમાં ૧૯૯૫ ની સાલથી ખેતી કરતા આવેલા હોવાનુ જણાય છે. તદઉપરાંત માર્ક–૩/૧ થી ૩/૩ વાળા દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડના ઉતારા વંચાણે લેતાં, સને ૨૦૧૮ થી હાલનો દાવો દાખલ કર્યો ત્યાર સુધીમાં દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં કબજેદાર તરીકે પ્રતિવાદી માવસીંગભાઈ ફતુભાઈ રાઠવા તથા હીરાભાઈ ધનજીભાઈ રાઠવાના નામો માલીક અને કબજેદાર તરીકે ચાલી આવેલ હોવાનુ જણાય છે.

વાદીઓના કથન મુજબ હીરાભાઈ ધનજીભાઈ નાયકના બદલે રેવન્યુ રેકર્ડમાં હીરાભાઈ ધનજીભાઈ રાઠવા એવુ ખોટુ નામ ચડી ગયેલ છે અને પ્રતિવાદી માવસીગભાઈ ફતુભાઈ રાઠવાએ પણ પોતાનુ નામ ખોટી રીતે દાખલ કરાવી દીધેલ છે. આ તકરાર સંદર્ભે જોવામાં આવે તો, વાદીઓએ પોતે રજુ કરેલા રેવન્યુ રેકર્ડના ઉતારા આધારે સને ૧૯૯૮ ની સાલથી દાવાવાળી જમીનમાં કબજેદાર અને ખેડુત તરીકે પ્રતિવાદી નં.૧ નુ નામ ચાલી આવેલ છે અને આ નામ ખોટી રીતે ચડાવી દીધેલ હોવા

બાબતે વાદીઓએ આજ દિન સુધી કોઈ કાર્યવાહી કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર નથી, તેમજ હીરાભાઈ ઘનજીભાઈની અટક રેવન્યુ રેકર્ડમાં ખોટી લખેલ હોય તો તેને સુધારો કરવા માટે પણ વાદીઓએ આજ દિન સુધી કોઈ કાર્યવાહી કરેલ હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ ઉપર નથી. વળી, વાદીઓએ દાવાઅરજીમાં જણાવ્યા મુજબ, તેઓએ હાલનો દાવો દાખલ કર્યો તે વખતે દાવાવાળી જમીનમાં મકાઈ, તુવેર, કપાસનુ વાવેતર કરેલ હોય, તેવુ દર્શાવતો કોઈ પ્રથમ દર્શનીય આધાર પુરાવો વાદીઓએ દાવા અરજી સાથે રજુ કરેલ નથી કે આ કામે કોર્ટ કમીશનર મારફતે દાવાવાળી જમીનનુ કોઈ પંચનામુ કરેલ હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ ઉપર નથી. વધુમાં, દાવાવાળી જમીન પર શીવરાજપુર સેવા સહકારી મંડળીનો બોજો ચાલી આવેલ હોવાનુ માર્ક–૩/૨ વાળા ગામ નમુના નં. ૭ ના ઉતારા પરથી જણાય છે અને આ બોજો વાદીઓએ દાખલ કરાવેલ હોય તેવુ દર્શાવતો કોઈ પ્રથમ દર્શનીય આધાર પુરાવો પણ વાદીઓએ રજુ કરેલ નથી. વધુમાં દાવાવાળી જમીનમાં વાદીઓના ત્રણ મકાનો આવેલા હોય તેવુ દર્શાવતો કોઈ પ્રથમ દર્શનીય આધાર પુરાવો પણ વાદીઓ તરફે રજુ થયેલ નથી.

આમ, દાવાવાળી જમીનમાં વાદીઓનો કબજો ભોગવટો હોય તેવુ દર્શાવતા પ્રથમ દર્શનીય આધાર પુરાવાની ગેરહાજરીમાં દાવાવાળી જમીન પર વાદીઓનો કબજો ભોગવટો ચાલી આવેલ હોવાની હકીકત હાલના તબકકે માની શકાય તેમ નથી. અત્રે એ નોંધવુ આવશ્યક છે કે, દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં હાલમાં માલીક અને કબજેદાર તરીકે પ્રતિવાદીનુ નામ ચાલે છે, જેથી વિરુધ્ધનુ પુરવાર ન થાય ત્યાં સુધી આ રેવન્યુ એન્ટ્રી સાચી હોવાનુ અનુમાન કરવાનુ રહે છે અને વિરુધ્ધની હકીકત વાદીઓએ પુરવાર કરવી પડે. જેથી કહી શકાય કે, વાદીઓ હાલના દાવાના કામે જે તકરાર લઈને આવેલા છે તે હકીકત પુરાવાનો વિષય છે અને આ તકરારનો નિર્ણય કરવા માટે પુરાવો લેવાનુ આવશ્યક જણાય છે. પરંતુ હાલના તબકકે દાવાવાળી જમીનમાં વાદીઓનો કબજો ભોગવટો આવેલ હોય કે તેઓ દાવાવાળી જમીનમાં વસવાટ

કરતા હોય તેવુ દર્શાવતો કોઈ પ્રથમ દર્શનીય આધાર પુરાવો વાદીઓ તરફે રજુ થયેલ ન હોય, હાલના તબકકે વાદીઓનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી. જેથી વાદીઓને માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીઓને નાણામાં ભરપાઈ ન થાય તેવુ કોઈ નુકશાન થવાની શકયતા પણ હાલના તબકકે પ્રસ્તુત રેકર્ડ પરથી જણાતી ન હોય બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ ઈરીપેરીબલ લોસ પણ વાદીઓની તરફેણમાં નથી જેથી સગવડ–અગવડની સમતુલા પણ વાદીઓની તરફેણમાં ન હોઈ મુદ્દા નં. ૧, ૨ અને ૩ નો નિર્ણય ''**નકારમાં**'' ઠરાવી મુદ્દા નં. ૪ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**<u>હુ ક મ</u>**

૧. વાદીઓની આંક–૫ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા : ૦૮–૧૧–૨૦૨૪.
મુ. હાલોલ.

(ચેતના જયંતીલાલ પટેલ)
એડી. સીનીયર સીવીલ જજ, હાલોલ.
Unique Code No. GJO1056.